## ❖ (એફ.આઈ.પી) વ્યંધ્યત્વ નિવારણ કાર્યક્રમ માટે નવિન મંડળીઓની પસંદગીની જાહેરાત ❖

સુરેન્દ્રનગર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., સુરસાગર ડેરી સાથે સંયોજીત તમામ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને જણાવવાનું કે, વર્ષ ૨૦૧૭-૨૦૧૮ માં એફ.આઈ.પી. (વ્યંધ્યત્વ નિવારણ કાર્યક્રમ) માટે ગામડાઓની પસંદગી કરવાની છે. તો જે પણ ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળી એફ.આઈ.પી. માં જોડાવા માંગતી હોય તેઓ આ પરિપત્ર સાથે સામેલ પત્રકમા વિગત ભરી દિવસ - ૧૦માં પશુસારવાર વિભાગમાં રજુ કરવા જણાવવામાં આવે છે.

**એફ.આઈ.પી. ના નિયમો તથા શરતો.**

૧. સૌ પ્રથમ ગામના પશુધન (ગાય-ભેંસ) નો સર્વે કરવામાં આવશે.
૨. તેના આધારે ૩ વર્ષ ઉપરના એકપણ વખત ના વિયાવેલ પશુ (NECO) અને વસુકેલ પશુ, (NPG DRY) જે ગાભણ ના થતા હોય તેવા પશુઓની સારવાર કરવામાં આવશે.
૩. આ તમામ પશુઓને કાને કડી મારી તેઓની વિગત લઈ તેઓને ઓળખ આપવામાં આવશે.
૪. ત્યાર પછી વર્ષ દરમ્યાન ૪૫-૬૦ દિવસના અંતરાલથી ૪ કેમ્પ કરવામાં આવશે. આ કેમ્પમાં ઉપર મુજબ પસંદ કરેલ તમામ પશુઓને સારવાર આપવામાં આવશે, જેથી તે વેતરમાં આવે.
૫. આ તમામ પશુઓને કૃમિ નિવારણ દવા, મિનરલ મિક્ષ્ચર, દાણ અને અન્ય સારવાર વિના મૂલ્યે આપવામાં અવશે.
૬. એફ.આઈ.પી. અંતર્ગત રજીસ્ટર થયેલ તમામ પશુઓને દરેક કેમ્પમાં હાજર રાખવુ અને પશુ ડોકટરને બતાવુ ફરજીયાત છે. અન્યથા આ સુવિધાનો લાભ મળશે નહી.
૭. આ સુવિધાનો લાભ ફકત અને ફકત ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં દૂધ ભરાવતા ગ્રાહક/સભાસદને જ મળશે.
૮. દૂધ ઉત્પાદક પાસેથી દરેક કેમ્પમાં પશુ દિઠ રૂા. ૧૦/- ટોકન ફી લેવામાં આવશે.

જો આપની મંડળી આ કાર્યક્રમમાં જોડાવા માંગતી હોય તો આપને મોકલાવેલ પરિપત્ર નં. એસએસડી/એસએનઆર/એએચ/૨૦૧૭/૨૦૬૬ તા. ૧૨/૭/૨૦૧૭ સાથે ના પત્રકમાં વિગતો ભરી તાત્કાલિક સંઘના પશુસારવાર વિભાગમાં મોકલી આપો.

## ❖ (એચ.એસ.પી) પરિપત્ર નં. એસએસડી/એસએનઆર/એએચ/૨૦૧૭/૨૦૬૫ તા. ૧૨/૭/૧૭ ❖

સુરેન્દ્રનગર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., સંયોજીત તમામ દૂધ સહકારી મંડળીઓને જણાવવાનું કે, પશુપાલનના વ્યવસાયમાં નફાકારક પશુપાલન માટે, પશુના વિયાણ પછી ત્રણ માસે વેતરે આવવું અને બંધાવુ ખૂબજ મહત્વનું છે. જેથી ૧૨-૧૩ માસના અંતરાલ થી વિયાણ થાય અને વસુકેલ દિવસોની સંખ્યા ઓછી થાય જેથી પશુપાલકોને આર્થિક નુકશાની ન થાય.

આજ હેતુથી સુરસાગર ડેરી, વઢવાણ દ્રારા Heat-Synchronization Project (HSP) અમલમાં મુકવામાં આવે છે. આ પ્રોજેકટ અંતર્ગત પુખ્ત વયના અને શારીરીક રીતે તંદુરસ્ત વોડકા/ખડેલા, ગાય-ભેંસ (જે ગાભણના હોય) અને ઓછામાં ઓછા ત્રણ માસ અગાઉ વિયાણ થયેલ હોય તેવા પશુઓને ૦-૭-૯-૧૧ માં દિવસે સારવાર આપી બીજદાન દ્રારા ફેળવવામા આવશે. દૂધ ઉત્પાદક પાસેથી પશુ દિઠ રૂા. ૧૦/- ટોકન ફી લેવમાં આવશે.

જો આપની મંડળી આ પ્રોગ્રામમાં જોડાવા માંગતા હોવ તો સંઘના પરિપત્ર નં. એસએસડી/એસએનઆર/એએચ/૨૦૧૭/૨૦૬૫ તા. ૧૨/૭/૨૦૧૭ સાથે સામેલ પત્રકમાં વિગતો ભરી તાત્કાલીક દૂધ સંઘના પશુસારવાર વિભાગમાં મોકલી આપવા વિનંતી.

:: છપાવી પ્રસિધ્ધ કરી ::
**સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.**
**સુરસાગર ડેરી – વઢવાણ**
૨૪૯, જી.આઈ.ડી.સી., ફેઇઝ-૨, આંબાવાડી, વઢવાણ-૩૬૩ ૦૩૫.
જી. સુરેન્દ્રનગર(ગુજરાત) ફોન : (૦૨૭૫૨) ૨૪૩૯૮૩ ફેક્સ : ૨૪૩૭૯૫
E-mail : sursagardairy@sursagardairy.coop
Website : www.sursagardairy.com

પ્રતિશ્રી,
પ્રમુખશ્રી / મંત્રીશ્રી,
શ્રી ............................દૂ. ઉ. સહ. મંડળી લી.
મુ. .................... રૂટ નં. ......................
બી.એમ.સી / ચી. સેન્ટર ............................




# સુરસાગર પત્રિકા

(ત્રિમાસીક)
સંઘ સાથે સંકળાયેલ દૂધ મંડળીઓ તથા તેના ઉત્પાદકો માટે જ (પ્રાઈવેટ સરક્યુલેશન)
વર્ષ : ૨૦૧૭
તારીખ : ૧ એપ્રિલ. -૩૦ જૂન
અંક : ૨

◆ મુખ્ય સલાહકાર ◆
ગુરદિત સિંગ
મેનેજીંગ ડિરેકટરશ્રી

◆ સંપાદક મંડળ ◆
મંગળ જે. ચૌધરી
બી. ડી. પંચાલ
ડો. નિશાન્ત શંખધર

તા. ૧૪/૦૬/૨૦૧૭ના રોજ સુરસાગર ડેરી, વઢવાણનો બી.એમ.સી સ્વચ્છતા મૂલ્યાંકન હરીફાઈ ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો. જેમાં અમરેલી દૂધ સંઘના મેનેજીંગ ડીરેકટર શ્રી આર. એસ. પટેલ હાજર રહી બલ્ક કૂલર સંચાલકોને દૂધની ગુણવતા અંગે વાત કરી.

સંઘના એમ.ડી. શ્રી ગુરદિત સિંગ સાહેબે આ પ્રસંગે જણાવ્યું હતુ કે, જ્યારે આપણા સંઘના કુલ સંપાદીત દૂધના ૮૦ ટકાથી વધુ દૂધ બલ્ક કૂલર દ્રારા આવે છે. ત્યારે આપણી બલ્ક કૂલર ધરાવતી મંડળીઓની દૂધની ગુણવતા પ્રત્યેની સભાનતા દૂધની ગુણવતા પર વિશેષ અસર પાડે છે. આપણે મંડળીઓ પર બી.એમ.સી મુકી આપણી કામગીરનું વિકેન્દ્રીકરણ કર્યુ છે. એટલે બલ્ક કૂલર ધરાવતી મંડળીઓએ સંઘની જેમ કામ કરવું પડશે અને ત્યારે જ આપણે દૂધની ગુણવતાને જાળવી શકીશું. આ પ્રસંગે સંઘના જુદા જુદા વિભાગના અધિકારીઓએ હાજર બલ્ક કૂલર સંચાલકોને બલ્ક કૂલર ચલાવવા અંગે જરૂરી ધ્યાનમાં લેવા જેવી બાબતો અંગે વાતો કરી હતી.

આ પ્રસંગે વર્ષ દરમ્યાન સંઘના બલ્ક કૂલર ધરાવતી મંડળીઓ પૈકી સૌથી ઓછા ફેટ/એસ.એન.એફ લોસ કપાતવાળી મંડળીઓને પણ ઈનામ આપી પ્રોત્સાહીત કરી હતી.







**સૌથી ઓછા ફેટ/એસએનએફ કપાત વાળા પ્રથમ પાંચ બીએમસીનું લીસ્ટ :**

| ક્રમ | બી.એમ.સીનું નામ | તાલુકો | ફેટ/એસએનએફ લોસ કપાત રૂપિયા |
|---|---|---|---|
| ૧ | શેખપર દૂ.ઉ.સ.મં.લી. | મુળી | ૪૭૬૯.૦૦ |
| ૨ | રતનપર દૂ.ઉ.સ.મં.લી. | ધ્રાંગધ્રા | ૧૫૮૪૫.૦૦ |
| ૩ | મેરૂપર દૂ.ઉ.સ.મં.લી. | હળવદ | ૨૧૦૫૭.૦૦ |
| ૪ | વાઘેલા દૂ.ઉ.સ.મં.લી. | વઢવાણ | ૨૩૮૩૮.૦૦ |
| ૫ | રાજચરાડી દૂ.ઉ.સ.મં.લી. | ધ્રાંગધ્રા | ૪૩૯૪૩.૦૦ |

## :: સ્વચ્છતા મુલ્યાંકનમાં પ્રથમ દશ બીએમસી મંડળીઓનું લીસ્ટ ::

| ક્રમ | બી.એમ.સીનું નામ | તાલુકો | ઈનામની રકમ રૂા. | સો.સું.નું નામ |
|---|---|---|---|---|
| ૧ | શેખપર દૂ.ઉ.સ.મં.લી. | મુળી | ૧૧૦૦૦ | અશોકસિંહ પરમાર |
| ૨ | ધનશ્યામપુર દૂ.ઉ.સ.મં.લી. | હળવદ | ૯૫૦૦ | મનિષભાઇ મુંધવા |
| ૩ | મુળી દૂ.ઉ.સ.મં.લી. | મુળી | ૮૦૦૦ | અશોકસિંહ પરમાર |
| ૪ | ઝીંઝાવદર દૂ.ઉ.સ.મં.લી. | ચુડા | ૬૫૦૦ | સુરેશભાઇ શીયાળીયા |
| ૫ | વાધેલા દૂ.ઉ.સ.મં.લી. | વઢવાણ | ૫૦૦૦ | રાજુભાઇ જોગરાણા |
| ૬ | સાયલા(મ) દૂ.ઉ.સ.મં.લી. | સાયલા | ૩૫૦૦ | સુરેશભાઇ પરમાર |
| ૭ | ગોદાવરી દૂ.ઉ.સ.મં.લી. | મુળી | ૨૫૦૦ | અશોકસિંહ પરમાર |
| ૮ | નાનાકાંધાસર દૂ.ઉ.સ.મં.લી. | ચોટીલા | ૧૫૦૦ | પ્રદિપભાઇ પરમાર |
| ૯ | વરસાણી દૂ.ઉ.સ.મં.લી. | લખતર | ૧૦૦૦ | સુરેશભાઇ શીયાળીયા |
| ૧૦ | લીંબડી દૂ.ઉ.સ.મં.લી. | લીંબડી | ૫૦૦ | પ્રકાશભાઇ મારું |

## રેશન બેલેન્સ પ્રોગ્રામ (ખોરાક સંતુલન કાર્યક્રમ) (R.B.P)

નફાકરાક પશુપાલનના વ્યવસાય માટે ઓછા ખર્ચે વધુ દૂધ ઉત્પાદન, સફળતાની કુંજી છે, આ બાબતને ધ્યાને રાખી, સુરસાગર ડેરી દ્વારા એન.ડી.ડી.બી. ના સહયોગથી, પશુઓ માટે રેશન બેલેન્સ પ્રોગ્રામ (ખોરાક સંતુલન કાર્યક્રમ) શરુ કરવાનું નક્કી કર્યુ છે.

આ કાર્યક્રમ અંતર્ગત, પશુની અવસ્થા (વજન, ગર્ભાવસ્થા, વેતર, દૂધ ઉત્પાદન આદિ) અને સ્થાનિક ઉપલબ્ધ ખાણ-દાણ માં પોષક તત્વોની માત્રાના આધારે, જેતે પશુ માટે સંતુલિત ખોરાક નક્કી કરવામાં આવે છે.

પશુઓને સ્થાનિક ઉપલબ્ધ ખાણ-દાણ, સુકો અને લીલો ઘાસ-ચારો ખવડાવવામાં આવે છે, જેથી તેઓનો ખોરાક અસંતુલિત થઇ જાય છે, જેનો અર્થ છે, કે, તેઓના ખોરાકમાં પ્રોટીન, ઉર્જા, ખનિજતત્વ અને વિટામીનોની માત્રામાં વધ-ઘટ થઇ જાય છે, ઉપરાંત અસંતુલિત ખોરાકથી પશુઓના સ્વાસ્થ્ય અને દૂધ ઉત્પાદન ઉપર માઠી અસર થાય છે, અને પશુપાલકને આર્થીક નુકશાની ભોગવી પડે છે. ઘણી વખત પશુઓને વધુ ખોરાક આપવામાં આવે છે તો દૂધ ઉત્પાદનની લાગત વધી જાય છે. દૂધ ઉત્પાદકોએ અસંતુલિત ખોરાકથી થતા નુકશાન અને સંતુલિત ખોરાકથી થતા ફાયદાઓ સમજવાની જરૂર છે. જે નીચે મુજબ છે.

### અસંતુલિત ખોરાકથી થતા નુકશાન

(૧) ઓછુ દૂધ ઉત્પાદન, વિકાસ અને પ્રજનન શકિતમાં ઘટાડો

(૨) પશુની વારસાગત દૂધ ઉત્પાદન શકિત કરતા ઓછુ દૂધ ઉત્પાદન

(૩) બે વિયાણ વચ્ચે લાંબુ અંતર

(૪) સુવા-રોગ અને કીટોસીસ જેવા રોગ થવાની વધુ શકયતા

(૫) પાડી-વાછરડીનો વિકાસ અટકાય અને મોડુ પ્રથમ વિયાણ થાય

### સંતુલિત ખોરાક એટલે શું?

તમામ પશુઓના સર્વાંગી વિકાસ માટે સંતુલિત ખોરાકની જરૂર હોય છે. સંતુલિત ખોરાક એક પ્રકિયા છે, જેથી ઉપલબ્ધ ખાણ-દાણ દ્વારા પશુઓની જરૂરિયાતના તમામ પોષક તત્વોનું સ્તર જાળવી રાખવામાં આવે છે.

### ખોરાક સંતુલન કાર્યક્રમના ફાયદાઓ

(૧) દૂધ ઉત્પાદન, ફેટ અને એસ.એન.એફ. માં વધારો

(૨) દૂધ ઉત્પાદન ખર્ચમાં ઘટાડો.

(૩) પ્રજનનશકિતમાં સુધાર.

(૪) બે વિયાણ વચ્ચેના અંતરમાં ઘટાડો.

(૫) પાડી-વાછરડીનો ઝડપી વિકાસ અને વહેલો પ્રથમ વિયાણ

(૬) વધુ નફો અને સુખી પશુપાલક.

**આપના ગામમાં રેશન બેલેન્સ પ્રોગ્રામ (ખોરાક સંતુલન કાર્યક્રમ) ચાલુ કરવા માટે ડો. મેહુલ રાઠોડ, ૮૨૩૮૦ ૯૬૬૮૩ નો સંપર્ક કરો.**

## પશુ આહાર સંતુલન કાર્યક્રમ (R.B.P)

સંતુલીત આહાર આપવાથી મારી ગાયની વાછરડી પણ તંદુરસ્ત જન્મી છે તથા ગાયને વિયાણ પછીની પણ કોઇ તકલીફ પડતી નથી





હું તો મારા જાનવરોને નિયમિત સંતુલીત આહાર જ ખવડાવું છું.





રેશન બેલેન્સીંગ પ્રોગ્રામ અંગે (LRP) (લોકલ રીસોર્સ પર્સન) દ્વારા રૂબરું જઇ પશુપાલક પાસે ઉપલબ્ધ આહારની વસ્તુઓ કોમ્પ્યુટર પ્રોગ્રામમાં નાખી કયો ચારો કેટલો આપવો તે વજન કરી તમામને રૂબરું સમજાવી ઓછા ખર્ચે વધુ દૂધ ઉત્પાદન કેવી રીતે મેળવવુ તે સમજાવે છે.

સંતુલીત આહાર આપવાથી મારા પશુઓના દૂધનો ફેટ વધ્યો છે અને નિયમિત જળવાઇ રહે છે.

સંતુલીત આહાર આપવાથી મારા પશુનું દૂધ વધ્યું છે. ખોરાકનું ખર્ચ ઘટયું છે, અને આવક વધી છે. હવે મારા પશુ નિયમિત વેતરમાં પણ આવે છે.

